પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૫૫, કુલ પાના:૪, તારીખ: ૨૪-૦૨-૨૦૨૧ બુધવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 155 PRICE :-RS. 1.50 DATE : 24-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાજ્યની છ મહાનગપાલિકાઓમાં ભાજપનો કેસરિયો લહેરાયો: કોંગ્રેસના સૂપડા સાફ

# વિકાસનો 'વિજય' અકબંધ: છ મનપામાં ભાજપની ક્લિનસ્વિપ



- ★ કોર્પોરેશનોમાં પુનરાવર્તનનો પ્રકાશ, કોંગ્રેસનો રકાસ, કુલ ૫૭૬ પૈકી ૪૮૫ બેઠકો પર ભાજપની જીત, કોંગ્રેસને ૪૪ અને અન્યનો ૩૫ બેઠકો પર વિજય.
- ★ ગુજરાતમાં ભાજપ અડીખમ: મતદારોએ કોંગ્રેસથી સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યું.
- ★ રાજકોટમાં કોંગ્રેસના સૂપડા સાફ: ભાજપનું સ્ટીમ રોલર ફરી વળ્યું, ૭૨ બેઠકોમાંથી ૬૮ બેઠકો પર ભાજપનો વિજય,મુખ્યમંત્રીએ હોમ ટાઉનમાં પ્રચાર ન કર્યો છતાં કેસરિયો લહેરાયો.
- ★ ભાજપ પ્રદેશ અધ્યક્ષ પાટીલના ગઢમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રી: સુરતમાં ૨૭ બેઠકો પર કબ્જો કર્યો.
- ★ કોંગ્રેસમાં કારમી હારથી ખળભળાટ મચ્યો: અમદાવાદ, સુરત, રાજકોટ અને ભાવનગરના શહેરના પ્રમુખોએ રાજીનામા ધર્યા.
- ★ ૬ મહાનગરપાલિકામાં ભાજપે રેકોર્ડબ્રેક જીત નોંધાવી, ગત્ ચૂંટણીનો રેકોર્ડ તોડ્યો.

ગાંધીનગર,

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પરિણામ આવી ગયું છે અને તમામ છ મહાનગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે. અમદાવાદ, સુરત,રાજકોટ,વડોદરા,ભાવનગર અને જામનગરમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. કુલ ૫૭૬ બેઠકોમાંથી ભાજપને ૪૮૫, કોંગ્રેસને ૪૪ અને અન્યને ૩૫ વોર્ડમાં વિજય થયો છે. આમ ભાજપે ૪૮૧થી વધુ વોર્ડ જીતીને રેકોર્ડ સર્જ્યો છે. ભાજપે ગત ચૂંટણીનો રેકોર્ટ તોડી નાખ્યો છે. ૨૦૧૫ની ચૂંટણીમાં ભાજપે ૩૮૯ પર જીત મેળવી હતી.

કોંગ્રેસથી ફરી એકવાર મતદારોએ સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યું છે. તમામ જગ્યાએ સ્થાનિક ચૂંટણીના પરિણામોમાં કોંગ્રેસના સૂપડા સાફ થયા ગયા હોય તેવું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. તો સુરતમાં આમ આદમી પાર્ટીને સારી સફળતા મળી છે. મોંઘવારી, પેટ્રોલ-ડિઝલના વધતા ભાવ સહિત સમગ્ર મુદ્દે કોંગ્રેસ મતદારોને પોતાના તરફ ખેંચવામાં નિષ્ફળ રહી છે.

કોંગ્રેસમાં આ હારથી ખળભળાટ મચી જવા પામ્યો છે અને રાજીનામાનો દૌર પણ શરુ થયો છે. અત્યાર સુધી અમદાવાદ, સુરત, રાજકોટ અને ભાવનગરના શહેર પ્રમુખોએ રાજીનામા ધરી દેતાં રાજકીય ખળભળાટ મચી જવા પામ્યો છે. રાજ્ય ૧૪૪ વોર્ડની ૫૭૬ બેઠકો માટે ગત ૨૧મી ફેબ્રુઆરીએ મતદાન યોજાયુ હતું. જેમાં સરેરાશ ૪૫ ટકા જેટલું મતદાન થયું હતું.

આ વિજયને જોતાં ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણી મુખ્ય પ્રધાન વિજય રૂપાણી અને પાર્ટી પ્રમુખ સીઆર પાટીલના નેતૃત્વમાં યોજાય તેવી સંભાવના પ્રબળ બની છે. ભાજપનું હાઈકમાન્ડ પણ આ ચૂંટણી પરિણામોથી ખુશ છે. રાજ્યના શહેરી મતદારોએ ભાજપને મત આપ્યા છે એ દર્શાવે છે કે ગુજરાતના શહેરીજનો હજી પણ કોંગ્રેસને જાકારો આપી રહ્યા છે. રાજ્યમાં ૨૦૦૨ પછી આવેલી તમામ નાની-મોટી ચૂંટણીમાં કોંગ્રેસને ભારે પછડાટ મળી છે. રાજ્યના રાજકારણમાં કોંગ્રેસના વિકલ્પ તરીકે આમ આદમી પાર્ટી ઊભરી રહી છે. કોંગ્રેસની જો આવી જ કારમી હાર રહી તો ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપનો સીધો મુકાબલો કોંગ્રેસ સાથે નહીં, પરંતુ આમ આદમી પાર્ટી સાથે થશે.

શહેરી વિસ્તારોમાં કોંગ્રેસ વધુને વધુ કમજોર બનતી જાય છે. આ ચૂંટણીના પરિણામોની અસર ગ્રામ્ય વિસ્તારમાં આવી રહેલી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં થવાની પૂરેપૂરી સંભાવના છે. કોંગ્રેસ સળગતા મુદ્દાઓને જનતા સુધી લઈ જઈ શકી નથી. છેલ્લી ઘડીએ ટિકિટ આપવામાં આવતાં ઉમેદવારોને ચૂંટણી પ્રચાર તો ઠીક કોંગ્રેસના ઉમેદવારોને ઉમેદવારી પત્ર ભરવાનો સમય મળ્યો નથી, પરિણામે ઘણી બેઠકો ભાજપ બિનહરીફ જીતી ગયું છે. વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસનો કરુણ રકાસ થયા પછી મહાનગરોની આ ચૂંટણીમાં કોંગ્રેસને મોટી નામોશી મળી છે. તમામ છ મહાનગરોમાં ભાજપે ફરીથી સત્તા હાંસલ કરી છે. સ્થાનિક ચૂંટણીમાં હાર પછી વિપક્ષના નેતા અને પ્રદેશપ્રમુખ તેમના હોદ્દાને ટકાવી રાખવામાં સફળ થશે કે તેમ જ મોટું પ્રશ્નચિહન છે. સામે પક્ષે કોંગ્રેસે નવસર્જન કરવું પડશે.

**: આપ-બસપાની ગુજરાતમાં એન્ટ્રી :**

ગુજરાતના રાજકારણમાં આપની સાથે બસપાની પણ એન્ટ્રી થઈ. જામનગરમાં ૩ બેઠકો પર બસપાનો વિજય થયો છે. વોર્ડ નંબર ૬ માં એક બેઠક પર ભાજપ અને ૩ બેઠક પર બસપાની જીત થઈ છે. વોર્ડ નંબર ૬માં ભાજપનો ગઢ તૂટ્યો. ૩ બેઠક બહુજન સમાજ પાર્ટીને ફાળે ગઈ છે.

**: રાજકોટ :**

રાજ્યના સીએમ વિજય રૂપાણીના શહેર રાજકોટમાં ભાજપે કોંગ્રેસના સૂપડાં સાફ કરી દીધા છે. અહિંયા તો જાણે સ્ટ્રીમ રોલર ફરી વળ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. કુલ ૭૨ વોર્ડમાંથી ભાજપે ૬૮ વોર્ડમાં ઐતિહાસિક વિજય મેળવ્યો છે જ્યારે કોંગ્રેસને ફક્ત ૪ વોર્ડમાં વિજય પ્રાપ્ત થયો છે.

**: જામનગર :**

જામનગર મહાનગરપાલિકામાં ભાજપે સત્તા જાળવી રાખી છે. જેમાં કુલ ૬૪ વોર્ડમાંથી ભાજપે ૫૦ વોર્ડમાં વિજય મેળવ્યો છે. જ્યારે કોંગ્રેસને ફાળે ૧૧ અને અન્યના ફાળે ત્રણ વોર્ડ ગયા છે.

**: અમદાવાદ :**

અમદાવાદમાં પણ ભાજપે કોંગ્રેસના સૂપડા સાફ કરી દીધા છે. અમદાવાદ મનપામાં ભાજપનો મેયર બનશે તે નક્કી થઈ ગયું છે. વાત કરીએ તો ૧૯૨ સીટોમાંથી ભાજપે ૧૬૧ બેઠકો પર જીત મેળવી છે. જ્યારે અમદાવાદમાં પણ કોંગ્રેસનો દેખાવ નિરાશાજનક રહ્યો છે. કોંગ્રેસને ફક્ત ૧૪ વોર્ડમાં જ જીત મળી છે. જ્યારે અન્યને ૧ વોર્ડમાં વિજય મળ્યો છે.

**: સુરત :**

સુરત મનપામાં સત્તા જાળવી રાખવામાં ભાજપ સફળ ચોક્કસ થયું છે. પરંતુ અહિંયા આમ આદમી પાર્ટીએ અભૂતપૂર્વ દેખાવ કર્યો છે. કુલ ૧૨૦ બેઠકોમાંથી ભાજપે ૯૩ બેઠકો પર વિજય હાંસિલ કર્યો છે. અહિંયા સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે પાટીદારોના ગઢ સુરતમાં કોંગ્રેસ ખાતુ પણ ખોલાવી નથી શકી. જ્યારે આમ આદમી પાર્ટીને ૨૭ બેઠકો પર વિજય મળ્યો છે.

**: વડોદરા :**

વડોદરામાં પણ ભાજપે જબરદસ્ત દેખાવ કર્યો છે. જેમાં કુલ ૭૬ બેઠકોમાંથી ભાજપે ૬૫ પર વિજય મેળવ્યો છે. જ્યારે કોંગ્રેસને ૭ બેઠકો પર વિજય મળ્યો છે. અહિંયા પણ કોંગ્રેસની સ્થિતિ અત્યંત ખરાબ રહી હતી.

**: ભાવનગર :**

ભાવનગર મનપામાં પણ કેસરિયો જ લહેરાયો છે. તેમાં કુલ ૫૨ વોર્ડમાંથી ૪૪ વોર્ડમાં ભાજપનો વિજય થયો છે. જ્યારે કોંગ્રેસને ફાળે ૮ વોર્ડ ગયા છે.

## ભરૂચની કંપનીમાં બોઈલર બ્લાસ્ટ, પનાં મોતની આશંકા, ૪૦થી વધુ ઈજાગ્રસ્ત



ભરૂચ,

ભરૂચની ઝઘડિયા જીઆઈડીસીની એક કંપનીમાં જોરદાર બ્લાસ્ટ થયાના સમાચાર પ્રાપ્ત થયા છે. આ બ્લાસ્ટને પગલે કંપનીમાં કામ કરતા ૪૦થી વધારે કામદારો ઈજાગ્રસ્ત થયાના સમાચાર છે. મળતી માહિતી અનુસાર બ્લાસ્ટ બાદ કંપનીમાં આગ લાગી ગઈ હતી. યુપીએલ કંપનીના સી.એમ. પ્લાન્ટમાં આ દુર્ઘટના સર્જાઈ હતી. કંપનીમાં થયેલો બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે આસપાસના ગામોના ઘરોનાં કાચ તૂટી ગયા છે. બ્લાસ્ટને પગલે લોકો બહાર દોડી આવ્યા હતા. બ્લાસ્ટમાં ઘાયલ થયેલા કામદારોને વડોદરા અને અંકલેશ્વર ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. કંપનીમાં બોઈકલ ફાટવાને કારણે બ્લાસ્ટ થયાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મળતી માહિતી પ્રમાણે યુપીએલ કંપનીમાં મધ્ય રાત્રે આ બ્લાસ્ટ થયો હતો. લોકોના કહેવા પ્રમાણે બ્લાસ્ટનો અવાજ એટલો પ્રચંડ હતો કે ૨૦ કિલોમીટર વિસ્તારમાં અવાજ સંભળાયો હતો. રાત્રે ભૂકંપ આવ્યો હોય તેવો અનુભવ લોકોને થયો હતો.

બ્લાસ્ટના અવાજને પગલે લોકો પોતાના ઘરોની બહાર દોડી ગયા હતા. કંપનીની આસપાસના વિસ્તારમાં આવેલા ઘરો અને ઓફિસોનાં કાચનાં દરવાજા પણ તૂટી ગયાના સમાચાર પ્રાપ્ત થયા છે. રાત્રે આશરે અઢી વાગ્યાની આસપાસ થયેલા બ્લાસ્ટની તીવ્રતા એટલી હતી કે અંકલેશ્વર સુધી ધ્રુજારી અનુભવવામાં આવી હતી. આ ઉપરાંત અવાજને કારણે અનેક મકાનોનાં કાચ તૂટી ગયાના

(અનુ.પાના.નં.૨)

## રાષ્ટ્રપતિ કોવિંદનું ગુજરાતમાં આગમન: મોટેરા સ્ટેડિયમમાં હાજરી આપશે



અમદાવાદ,

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવ્યા છે ત્યારે અમદાવાદ એરપોર્ટ ખાતે તેઓનું ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ એરપોર્ટથી સીધા ગાંધીનગર રાજભવન જવા રવાના થયા હતા તો આજે ૪ વાગ્યે સેન્ટલ યુનિવર્સિટીના પદવીદાન કાર્યક્રમમાં તેઓ હાજરી આપશે સાથે જ આવતીકાલે મોટેરા સ્ટેડિયમના કાર્યક્રમમાં પણ હાજર રહેશે તો મોટેરામાં કાર્યક્રમ બાદ દિલ્હી પરત ફરશે. ૨૪મી તારીખે તેઓ બપોરે ૧૨:૩૦ વાગ્યે મોટેરા સ્ટેડિયમ પ્હોચશે. તેઓ બપોરે ૦૧:૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટથી દિલ્હી જવા માટે રવાના થશે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ઉપસ્થિત રહેનાર છે. ૨૪ તારીખના કાર્યક્રમ માટે પોલીસને હાઈએલર્ટ પર મુકવામાં આવી છે તેની સાથોસાથ કોરોના સંદર્ભે વિશેષ તકેદારી શરૂ કરવામાં આવી છે.

## બ્રિક્સ સમિટ માટે ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ ભારત આવે તેવી શક્યતા



ન્યુ દિલ્હી,

ભારત-ચીન સીમા પર લગભગ ૧૧ મહિનાથી તણાવ ચાલી રહ્યો છે. પહેલાં પેંગોંગ ઝીલ અને હવે અન્ય જગ્યાઓએ ડિસઈંગેજમેન્ટના રિપોર્ટની વચ્ચે ચીનના તેવર બદલાયા છે. તેમની વાતોમાં હવે સહયોગ અને માનવતા જેવા શબ્દો આવી રહ્યા છે. સોમવારે ચીને ભારતના બ્રિકસ સંમેલનનું સમર્થન કર્યું અને કહ્યું કે તે ભારત અને અન્ય સભ્ય દેશોની સાથે મળીને અનેક ક્ષેત્રોમાં સહયોગ મજબૂત કરવા ઈચ્છે છે. આવનારા કેટલાક મહિનામાં કોરોના મહામારીની સ્થિતિ કાબૂમાં રહેશે તો ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ભારત આવી શકે છે. જો તેઓ અહીં આવે છે તો પીએમ મોદી સાથે તેમની મુલાકાત શકય છે. ચીની વિદેશ મંત્રાલયે સોમવારે એક જાહેરાતમાં કહ્યું કે ચીન બ્રિકસને ખૂબ જ મહત્વ આપે છે અને તેના માટે રણનીતિ સાઝેદારીને વધારવાના પક્ષમાં છે. ચીને એમ પણ કહ્યું કે તે બ્રિકસ દેશોની વચ્ચે એકજુટતા અને સહયોગને મજબૂત કરવા ઈચ્છે છે.

સીમા પર જે સ્થિતિ છે તેની સંમેલન પર અસર પડશે કે નહીં. આ સવાલના જવાબમાં ચીની વિદેશ મંત્રાલયના પ્રવકતા વાંગ વેનબિને કહ્યું છે કે ભારતના આ વર્ષે બ્રિકસ સંમેલનનું આયોજનનું ચીને સમર્થન કર્યું છે. ભારત અને અન્ય બ્રિકસ દેશોની સાથે અનેક ક્ષેત્રોમાં સંવાદ અને સહયોગ વધારવા ઈચ્છે છે. અર્થવ્યવસ્થા, રાજનીતિ અને માનવતાને લઈને વાંગે કહ્યું કે બ્રિકસ વૈશ્વિક પ્રભાવવાળા નવા બજાર દેશો અને વિકાસશીલ દેશના સહયોગન તંત્ર છે. આ સાથે કેટલાક સમયથી બ્રિકસ દેશોની એકતતા વધી છે, વ્યવહારિક સહયોગ સુમેળભર્યો થયો છે અને પ્રભાવ પણ વધી રહ્યો છે. હવે આ આંતરરાષ્ટ્રિય બાબતોમાં એક સકારાત્મક, સ્થિર અને રચનાત્મક શકિત બન્યું છે. ભારતને આ વર્ષે બ્રિકસની અધ્યક્ષતા મળી છે અને આ સંમેલન તે આયોજિત કરશે. ૧૯ ફેબ્રુઆરીએ વિદેશમંત્રી એસ જયશંકરે દિલ્હીના સુષ્મા સ્વરાજ ભવનમાં બ્રિકસ ૨૦૨૧ની વેબસાઈટ લોન્ચ કરી હતી.

## પેટ્રોલ-ડીઝલ પર ટેક્સ ઓછો થવો જોઈએ: RBI ગવર્નર



ન્યુ દિલ્હી,

પેટ્રોલ ડીઝલના ભાવ ઓછા કરવા માટે હવે સરકારની અંદર પણ અવાજ ઉઠવા લાગ્યો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ, પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન બાદ હવે રિઝર્વ બેક્ર ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંતા દાસે પણ ટેક્સ ઘટાડીને ભાવ કાબૂમાં લેવાનું સૂચન કર્યુ છે.

આરબીઆઇ મોનિટરી પોલીસીના મિનિટ્સમાં શક્તિકાંતા દાસે કેન્દ્ર અને રાજ્ય સરકારને અપીલ કરી છે કે તેઓ ઈનડાઈરેક્ટર ટેક્સમાં કાપ મૂકે જેથી કરીને પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડી શકાય. તેમણે કહ્યું કે ટેક્સની 'કેલિબ્રેટેડ અનવાઈન્ડિંગ' કરવી જરૂરી છે. જેથી કરીને ઈકોનોમી ઉપરથી કિંમતોનું દબાણ હટાવી શકાય, એટલે કે ધીરે ધીરે ટેક્સ ઘટાડવો પડશે.

એમપીસીની મિનિટ્સમાં કહેવાયું છે કે ડિસેમ્બરમાં સીપીઆઇ એટલે કે રીટેલ મોંઘવારી દર ખાદ્ય અને ઈંધણને હટાવવા છતાં ૫.૫ ટકાથી ઉપર રહ્યો છે. કારણ કે ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને પેટ્રોલ ડીઝલ પર ઊંચા ઈન્ડાઈરેક્ટ ટેક્સના કારણે મુખ્ય સામાન અને સેવાઓની મોંઘવારી વધી ગઈ. જેમાં ટ્રાન્સપોર્ટ અને સ્વાસ્થ્ય સેવાઓ ખાસ કરીને સામેલ છે.

આ અગાઉ નાણામંત્રી નિર્મલા સીતારમણે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ ઓછા કરવા માટે તેને GST ના દાયરામાં લાવવાની વાત કરી હતી. નાણામંત્રીએ કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ હવે એક સાથે મળીને એવો રસ્તો કાઢવો પડશે જેનાથી ફ્યૂલના ભાવ ઓછા થઈ શકે.

ગોધરા નગરપાલિકા વોર્ડ નં. ૫ ના કર્મશીલ, સેવાભાવી, જાગૃત, શિક્ષિત, લોકલાડીલા તથા યુવાન અને કાર્યશીલ અપક્ષ ની પેનલ ના ઉમેદવારો

**રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી)**

**તથા**

**સંજય ચંપકલાલ સોની**

ને સેવાની ફરી એક તક આપવા વિનંતી.

**આપનો મત સાચા અર્થમાં વિકાસને મત**

| અનુ. નં. | ઉમેદવાર | ઉમેદવારનું નામ | નિશાન | બટન |
|---|---|---|---|---|
| ૧૧ |  | રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી) | | |
| ૧૬ |  | સંજય ચંપકલાલ સોની | | |

મતદાન તારીખ : ૨૮/૦૨/૨૧, રવિવાર
સમય : સવારે ૭ : ૦૦ થી સાંજના ૬ : ૦૦ સુધી

## આઝાદ ભારતમાં પહેલી વાર ચૂંટણી જીતવાનો અર્થ છે ચૂંટણી હારવી: રાહુલ ગાંધી



મલ્લપુરમ,

કેરળ વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મલ્લપુરમમાં એક સભાને સંબોધિત કરી. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર નિશાન સાધીને રાહુલ ગાંધીએ કહ્યુ કે કેન્દ્ર સરકાર એક પછી એક ચૂંટેલી સરકારને પાડે છે. તેમણે કહ્યુ કે આઝાદ ભારતમાં પહેલી વાર ચૂંટણી જીતવાનો અર્થ ચૂંટણી હારવાનો છે અને ચૂંટણી હારવાનો અર્થ ચૂંટણી જીતવાનો છે.

રાહુલ ગાંધીએ કહ્યુ ક પહેલી વાર દિલ્લીમાં એક સરકાર(કેન્દ્ર સરકાર) છે જે પોતાની ઈચ્છા અને તાકાત ન્યાયપાલિકા પર થોપી રહી છે. સરકાર ન્યાયપાલિકાને તે નહિ કરવા દઈ રહી જે તેણે કરવુ જોઈએ. અને આવુ માત્ર ન્યાયપાલિકા સાથે નથી. તે અમને લોકસભા અને રાજ્યસભામાં ચર્ચા નથી કરવા દેતા.

વળી, પી વિજયન સરકાર પર નિશાન સાધીને રાહુલ ગાંધીએ કહ્યુ કે બફર ઝોન પર કેરળ સરકારના વલણથી વાયનાડ અને વાઈલ્ડલાઈફ સેન્ચુરીની આસપાસના લોકોની આજીવિકા જોખમમાં મૂકાઈ છે. તેમણે કહ્યુ કે સરકારનુ આ પગલુ આ મહેનતુ લોકોને અનિશ્ચિતતા અને પીડા તેમજ ધૂંધળા ભવિષ્ય તરફ ધકેલી રહ્યુ છે. સુરક્ષાત્મક પગલા લેવાની તાત્કાલિક જરૂર છે. આ પહેલા સોમવારે ટ્રેક્ટર રેલીમાં રાહુલે કહ્યુ હતુ કે કૃષિ એક માત્ર વ્યવસાય છે જેનો સંબંધ ભારત માતા સાથે છે. તેમણે લોકોને આહવાન કર્યુ કે તે કૃષિ કાયદાનો પાછા લેવા માટે સરકારને મજબૂર કરે. કેરળમાં સત્તાધીશ ડાબેરી અને કોંગ્રેસની આગેવાનીવાળા વિપક્ષ બંને કૃષિ કાયદાની ટીકા કરી રહ્યા છે.

## ગ્વાલિયરમાં નિર્ભયાકાંડ: કારમાં માલિક મહિલા સાથે દુષ્કર્મ આચરતો રહ્યો

ગ્વાલિયર,

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં નિર્ભયાકાંડ જેવી ઘટના સામે આવી છે. અહીં એક મહિલાએ આરોપી પર હચમચાવી દે એવો આરોપ લગાવ્યો છે. એક વ્યક્તિએ મહિલાને ફેક્ટરીમાં કામ કરાવવાની વાત કહીને ગાડીમાં બેસાડી અને પછી ચાલતી કારમાં તેની સાથે રેપ કર્યો હતો. ત્યાર પછી આરોપીએ મહિલાને હોટલમાં લઈ જઈને ફરી તેની સાથે રેપ કર્યો હતો.

(અનુ.પાના.નં.૨)

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત વિરપુરમાં યોજાઇ બાઇક રેલી

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌનો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર.. આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદી દ્વારા મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે COVID-૧૯ ની ગાઈડ લાઈનને અનુસરીને વિરપુરમાં બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઇક રેલીને સી.એમ.દેસાઇ હાઇસ્કૂલ વિરપુરથી ચુંટણી અધિકારી અને મામલતદાર હિમાંશુ સોલંકીએ જિલ્લા શિક્ષણાધિકારી પી.એન.મોદીની ઉપસ્થિતિમાં લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ બાઇક રેલીને વિરપુર સી.એમ.દેસાઇ હાઇસ્કૂલ ખાતે થી શિક્ષકો દ્વારા બાઇક રેલી કાઢવામાં આવી હતી. જેમાં બાઇક સવાર શિક્ષકોએ મતદાન જાગૃતિ માટેના પ્લે કાર્ડ સાથે જોડાયા હતા અને મતદાતાઓને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી સો ટકા મતદાન કરવાનો સંદેશો પાઠવ્યો હતો.

આ બાઇક રેલી સી.એમ.દેસાઇ હાઇસ્કૂલ વિરપુર ખાતે થી શરૂ થઈ માનવ મંદિર (રીલાયન્સ પેટ્રોલપંપ), બસ સ્ટેન્ડ, મુકેશ્વર મહાદેવ ચોકડી, મામલતદાર કચેરી થઇ જાહેર માર્ગોથી પસાર થઇ હતી. આ બાઇક રેલીએ ગ્રામજનો અને મતદારોમાં આકર્ષણ જમાવ્યું હતું. આ બાઇક રેલીમાં મોટી સંખ્યામાં શિક્ષકોએ ઉત્સાહભેર જોડાઇને મતદાન જાગૃતિ અભિયાનને સાર્થક બનાવ્યું હતું. આ પ્રસંગે કેળવણી નિરક્ષક જયેશભાઇ પટેલ તેમજ શિક્ષકો જોડાયા હતા.

### મહીસાગર જિલ્લાના વધુમાં વધુ યુવાઓને "હોળી" અંતર્ગત

# જિલ્લા કક્ષાની ચિત્રસ્પર્ધામાં ૨૩મી ફેબ્રુઆરીથી ૧૫મી માર્ચ સુધી જોડાવા અનુરોધ

લુણાવાડા,
ગુજરાત રાજયના મુખ્યમંત્રી દ્વારા ૦૧/૧૦/૨૦૨૦ ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરિક સશકત બનાવવાના હેતુથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી "મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ" ના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલના કોરોના (કોવિડ-૧૯)ની મહામારીના વિષમ સંજોગોમાં ફેસબૂક, વ્હોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ તથા વીડીઓ ગેઈમ્સ જેવી પ્રવૃત્તિઓમાં અત્યંત કીમતી સમય વેડફાતા યુવાધનને હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા રમતગમતની પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત કરવા એ સમયની તાતી જરૂરિયાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારએ વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન MOBILE TO SPORTS ની નવી યોજના મંજૂર કરેલ છે. આ યોજનાને "મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ" ફેસબુક પેજ, યુ ટ્યુબ ચેનલ, રેડિયો ચીશુ, ચિત્રસ્પર્ધા, ટેલિવિઝન તેમજ સોશિયલ મીડિયા સંબંધિત માદયમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો, ઓડિયો/ વિડિયો કલીપ રજૂ કરી યુવાનોને રમતગમતની પ્રવૃત્તિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામાં આવશે.

આ હેતુને સુચારૂ રૂપે પાર પાડવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીઓ દ્વારા સંયુક્ત રીતે "હોળી" કાર્યક્રમ અંતર્ગત એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમાં ૮ થી ૧૩(જન્મ તા.૩૧/૧૨/૨૦૨૦ને ગણવાની રહેશે.) વર્ષના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધકે A4 સાઈઝના ડ્રોઈંગ પેપર પર "હોળી" વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી તા.૧૫/૦૩/૨૦૨૧ બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, રૂમ નં ૨૩૨, ૨ જો માળ, જિલ્લા સેવા સદન, કલેક્ટર કચેરી, મહીસાગર, લુણાવાડા ખાતે મોકલવાની રહેશે. જેમાં વિજેતા કૃતીએ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

રાજયકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ.૧૫,૦૦૦/- તથા તૃતીય વિજેતાને રૂ.૧૦,૦૦૦/- - એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫,૦૦૦/- (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે. આ ચિત્ર સ્પર્ધામાં મહીસાગર જિલ્લાના વધુમાં વધુ યુવાઓને જોડાવા માટે જિલ્લા રમતગમત અધિકારી મહીસાગરની અખબારી યાદી જણાવે છે. આ અંગેની વધુ માહિતી મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports તેમજ યુ ટ્યુબ ચેનલની લીંક http://www.youtube.com/channel/UCzsjROvtHpN4rKensUaz-g પરથી મળી શકશે.

## મહીસાગર જિલ્લામાં આજે ૦૬ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી સુ નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૩-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૬૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ અત્યાર સુધીમાં કુલ ૧૯૮૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૨૯૬૩૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૪ દર્દી હોમ આઈસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૭ દર્દીઓ સ્ટેબલ અને ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

# આઉટ સોર્સિંગ એજન્સીઓની મનમાની સામે કર્મચારીઓ દ્વારા પંચમહાલ જીલ્લા પંચાયતમાં વિરોધ

- આઉટસોર્સિંગ એજન્સીઓની તાનાશાહી સામે કર્મચારીઓ દ્વારા જીલ્લા પંચાયતમાં હલ્લાબોલ.
- DDO દ્વારા એજન્સીઓ સામે કાર્યવાહીની ખાતરી અપાઈ.

ગોધરા,
આઉટ સોર્સિંગ કર્મચારીઓને નિયત વેતન કરતા ઓછું વેતન ચુકવાતુ હોવાની તેમજ પાંચ વર્ષથી બોનસ, ઈપીએફ ઈએસઆઈસી, ગણવેશ ધોલાઈ, લીવ ઓન કેસ સહિતના ચુકવણામાં એજન્સીઓ દ્વારા મોટા પાયે ખાયકી થતી હોવાની ફરિયાદ ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા પંચમહાલ જિલ્લાના સીડીએચઓને કરવામાં આવી હતી. તેમજ કોન્ટ્રાકટ રીન્યુ કરાવવા કર્મચારીઓને વડોદરા બોલાવી એજન્સીઓ દ્વારા ધાકધમકીઓ આપતા હોવાની ફરિયાદ પણ કર્મચારીઓએ કરેલ આ બાબતે સીડીએચઓને તમામ કર્મચારીઓ વચ્ચે આવી એમના પ્રશ્નોનુ નિરાકરણ લાવવાની તેમજ તમામ ચુકવણાની યોગ્ય તપાસ કરવાની બાંહેધરી આપવાનો આગ્રહ કરતા સીડીએચઓએ ઈન્કાર કરતા કર્મચારીઓએ મુખ્ય દરવાજા આગળ જ અડીંગો જમાવી અવર જવર અટકાવી દઈ સુત્રોચ્ચાર થી જીલ્લા પંચાયત ગજવી દેતા જીલ્લા વિકાસ અધિકારીએ (ડીડીઓ) મદયસ્થી કરી કર્મચારીઓના કોન્ટ્રાકટ રીન્યુ કરવાની, તમામ ચુકવણાની તપાસ કરવાની અને નોકરીમાંથી કાઢી મુકવાની ધમકીઓ આપનાર એજન્સીઓના સંચાલકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની ખાતરી આપતા કર્મચારીઓમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.




ગુજરાત જનતા જાગૃતિ મંચ ના પ્રમુખ રજનીકાંત ભારતીયના જણાવ્યા મુજબ દર મહિને ૮.૩૩ ટકા લેખે બોનસની રકમ એજન્સીઓને નહી પણ એસ્કો એકાઉન્ટમાં જમા રાખવા તેમજ દિવાળીએ કર્મચારીઓને ચુકવવા તાજેતરમાં વિભાગીય નાયબ નિયામક દ્વારા આદેશ કરવામાં આવેલ છે, પરંતુ છેલ્લા પાંચ વર્ષથી કર્મચારીઓના બોનસના નાણા એજન્સીઓ હજમ કરી ગઈ છે એની અનેક ફરિયાદો છતાં જીલ્લાના અધિકારીઓએ તપાસ કરી નથી જેનાથી એવું કહી શકાય કે કર્મચારીઓના પગારમાં ગેરરીતિ આચરવાનો ગોરખધંધો અધિકારીઓની રહેમનજર હેઠળ ચાલી રહ્યો છે. અગાઉની જેમ જીલ્લાના અધિકારીઓ દ્વારા આ વખતે પણ ફરિયાદ બાબતે યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો ચુંટણી સહિતની કામગીરી થી પંચમહાલ જિલ્લાના તમામ કર્મચારીઓ અળગા રહી પોતાની તાકાતનો પરચો બતાવશે.


# ગોધરા સહયોગ ક્રેડીટ સોસાયટી બેંક બંધ થઈ જતાં નાના છુટક ધંધાદારીના લાખો રૂપીયા ફસાઈ જતાં જીલ્લા કલેકટરને રજુઆત

ગોધરા,
ગોધરા શહેરમાં આવેલ ધી સહયોગ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.બેંક બંધ થઈ જતાં ખાતેદારોની જમા રકમ પરત નહી આપી તમેજ યોગ્ય જવાબ નહિ આપતા હોવાના આક્ષેપ સાથે ખાતેદારોએ જીલ્લા કલેકટરને આવેદન આપ્યું.




ગોધરા ખાતે આવેલ ધી સહયોગ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.બેંકમાં નાના ધંધાદારી છુટક ધંધો કરતાં લોકો ખાતેદાર હોય તમામ નાના ધંધાદારીઓ સહયોગ બેંકમાં પોતાની મહેનતની ક્માણીની રક્મની બચત કરેલ હતી. તેવી જમા નાણાની રક્મ ઉપાડવા ખાતેદારો બેંકમાં જતા હોય ત્યારે કાલે આવજો પરમ દિવસે આવ જો તેમ કહી ધક્કા ખવડાવતા હતા. જયારે આખરે સહયોગ કો.ઓ.બેંકના કર્મચારીઓએ બેંકમાં નાણા જમા કરાવવા કે ઉપાડવા આવવું નહી કહેવામાં આવતું હતું. સહયોગ કો.ઓ.બેકમાં જમા રકમ પાછી નહિ આપીને વિશ્વાસઘાત છેતરપિંડી કરેલ છે. સહયોગ બેંકમાં ખાતા ધરાવતા શહેરા ભાગોળ ફાટક વિસ્તારના નાના અને છુટ્ક ધંધા ક્રતાં ૧૫ જેટલા ખાતેદારોના ૧૦ લાખ રૂપીયા ઉપરાંતના નાણા બેંક બંધ કરી દેતાં ફસાઈ ગયા હોય ત્યારે આવા ખાતેદારો દ્વારા બેંક્માં પોતાની જમા પૂંજી વ્યાજ સહિત પરત મળે તે માટે પંચમહાલ જીલ્લા ક્લેક્ટર તેમજ જીલ્લા પોલીસ વડાને લેખિત રજુઆત ક્રવામાં આવી છે.

## શહેરા લાભી ગામે હત્યાના ગુનામાં વોન્ટેડ ત્રણ આરોપીઓને LCB પોલીસે ઝડપ્યા



શહેરા,
શહેરા પોલીસ મથકમાં નોંધાયેલ ખૂનના ગુનામાં ૩ આરોપીઓ છેલ્લા ચાર માસથી નાસતા ફરતા વોન્ટેડ આરોપી હોય બાતમીના આધારે બે આરોપીને મોરબી અને એક આરોપીને વડોદરા ખાતેથી ધરપકડ કરવામાં આવી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના લાભી ગામે જેસોલીયા ફળીયામાં રહેતા આરોપી રતનભાઈ ધુળાભાઈ પગી તથા મરણ જનાર બન્ને સગાભાઈ થતાં હોય ૯ઓક્ટોમ્બર ૨૦૨૦ના રોજ આરોપી ગંદી ગાળો બોલતા હતા. જેથી મરણજનારે ગાળો બોલવાની ના પાડી હતી. તેની અદાવત રાખીને આરોપી રતનભાઈ ધુળાભાઈ પગી હાથમાં લાકડી લઈ લાકડી મરણ જનારને છાતીના ભાગે મારી હતી તેમજ આરોપી બળવંત નાથાભાઈ પગી લાકડી લઈ દોડી આવી મોટા જમાઈને બોલે છે તેમ કહી ગડદાપાટુનો મારમાર્યા હતા. જ્યારે કૈલાશબેન રતનભાઈ પગી તું મારા ઘર વાળાને બોલશો તેમ કહી ગડદાપાટુનો માર મારી મોત નિપજાવેલ હતું અને નાશી છુટેલ હતા. આ બાબતે શહેરા પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધાયેલ હતો. હત્યાના ગુનાના વોન્ટેડ આરોપીને પકડવા માટે ટેકનીકલ સર્વેલન્સ મદદ લીધી હતી અને બાતમીના આધારે એલસીબી પોલીસે મોરબીના નશીનપુરા ગામેથી રતનભાઈ પગી, કૈલાશબેન રતનભાઈ પગીને ઝડપી પાડયા હતા. જ્યારે બળવંતભાઈ નાથાભાઈ પગીને વડોદરા પંડયા બ્રીજ પાસેથી ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ આરોપીઓને શહેરા પોલીસને સોંપવાની કાર્યવાહી હાથ કરાઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૪-૦૨-૨૦૨૧, બુધવાર, મહા સુદ-બારશ, સૂર્યોદય-૬-૫૧, સૂર્યાસ્ત-૬-૧૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્ર: પુનર્વસુ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૪.૦૨.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.) :- તાજગી પૂર્ણ દિવસ રહેવાનો કોઈ પણ કાર્યમાં સંપૂર્ણ ધ્યાન દેવું માંગલિક કાર્યોમાં સફળતા નોકરીમાં ઉત્સાહ રહેવાનો.
વૃષભ (બ.વ.ઉ.) :- પ્રિયપાત્રની મુલાકાત થાય. કલાક્ષેત્રે કોઈ ન ધારેલો લાભ રોંજીદા કાર્યમાં પણ તમારે ધ્યાન દેવું આત્મવિશ્વાસ વધાવનો.
મિથુન (ક.છ.ઘ.) :- સર્જનાત્મક કાર્યોમાં સફળતા રહે. તમારા અનુભવોનો લાભ સંસ્થાને મલે. સંતાનોની પ્રગતિ યાત્રા પ્રવાસની શકયતા.
કર્ક (ડ.હ.) :- નિર્ધાટિત સમયમાં કાર્યમાં સફળતા ન મલે. જેથી ટેન્સન રહે. વ્યર્થ સમય ન બગાડતા સાંજ પણ સારો સમય.
સિંહ (મ.ટ.) :- પરિવારજનો સાથે મહત્વની ચર્ચા વિચામરણા થાય. સગાઈના કાર્યમાં સફળતા રહે. વિદેશ જવા માટેની તક ઉભી થાય.
કન્યા (પ.ઠ.ણ.) :- નોકરીમાં દિવસ દરમ્યાન ઉપરાવર્ગ સાથે મતભેદો ટાળજો તમારા કાર્યને વળગી રહો જરૂર સફળતા પ્રતિષ્ઠા મેળવશો.
તુલા (ર.ત.) :- નજીકના સગા સ્નેહીજનો સાથે વ્યવસાય બાબત ચર્ચા-વિચારણા સફળ થાય મિલ્કતના પ્રશ્નોને પ્રાધાન્ય આપજો.
વૃશ્ચિક (ન.ય.) :- આજના દિવસે વધુ પડતી દોડધામ થી દૂર રહેજો વિજાતીય મિત્રો સાથે સર્તકતા રાખવી વધુ પડતો વિશ્વાસ મુશ્કેલી કરે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- કોઈ મિત્રને લઈને લગ્નજીવનમાં ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખવું વડીલવર્ગની સલાહને ધ્યાનમાં લેજો.
મકર (ખ.જ.) :- તમારા વિચારો સતત ચાલે છે. આસપાસના લોકો તમારી સ્થિતિ જાણે છે. તમો કાર્યની કદર કરો છો મોસાળથી લાભ.
કુંભ (ગ.શ.સ.) :- પરિવારમાં ખુશીનો માહોલ રહેવાનો છે. ધાર્મિક કાર્યમાં સફળતા મલે. આજના દિવસે તમારા વિચારોને મર્યાદીત રાખશો.
મીન (દ.ચ.ઝ.) :- વાંચન પ્રત્યે લગાવ વધારવાના જરૂર છે વિદેશ સાથેના વ્યવસાયથી લાભ રહે. સાહસિકોને સફળતા મલવાની.

(પાન નં.૧ નું ચાલુ)

### ભરૂચની કંપનીમાં બોઈલર....

સમાચાર મળી રહ્યા છે. યુપીએલ કંપની ફોસ્ફરસ બનાવતી હોવાનું જાણવા મળ્યું છે. રાત્રે કામગીરી ચાલુ હતી ત્યારે આ બ્લાસ્ટ થયો છે. બ્લાસ્ટને પગલે અમુક કામદારો લાપતા થયાના સમાચાર પણ મળી રહ્યા છે. ઝઘડિયા જીઆઈડીસીની આસપાસ ફુલવાડી, કપલસાડી સહિત ગામો આવેલા છે.

આ ગામના લોકોને જાણે કે રાત્રે ભૂકંપ આવ્યો હોય તેવો અનુભવ થયો હતો. લોકો બ્લાસ્ટને પગલે બહાર દોડી ગયા હતા. આસપાસના ગામોને મકાનોના કાચ પણ બ્લાસ્ટને કારણે તૂટી ગયા હતા. જેના પગલે લોકો વધારે ગભરાયા હતા. યુપીએલ કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ બાદ આગ ફાટી નીકળી હતી. આગના ધૂમાડા દૂર દૂરથી જોવા મળતા હતા. બ્લાસ્ટને પગલે ફાયર બ્રિગેડનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. બ્લાસ્ટને પગલે કંપની ખાતે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ઘાયલોને તાત્કાલિક હૉસ્પિટલ પહોંચાડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

### ગ્વાલિયરમાં નિર્ભયાકાંડ.....

ગ્વાલિયર જિલ્લાના ગામ કુલૈથની એક મહિલા સાથે દુષ્કર્મ થયું છે. ત્યાં મહિલાએ એક વ્યક્તિ પર દુષ્કર્મ અને ડ્રાઈવર પર સહયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. મહિલાએ જણાવ્યું છે કે રામબાબુ ગુર્જર તેને ફેકટરીમાં કામ કરાવવાના બહાને ગ્વાલિયરમાં પ્રાણી સંગ્રહાલયની સામે પોતાની ટવેરા ગાડીમાં લઈ ગયાં અને પછી ચાલતી ગાડીમાં તેની સાથે રેપ કર્યો હતો. આ દરમિયાન ડ્રાઈવર ગાડી ચલાવતો રહ્યો હતો અને માલિક રેપ કરતો રહ્યો હતો. ત્યાર પછી રામબાબુ તેને જબરદસ્તી એક હોટલમાં લઈ ગયો અને ત્યાં પણ તેની સાથે રેપ કરવામાં આવ્યો હતો.

મહિલાએ પોલીસ સ્ટેશન જઈને આ વિશે ફરિયાદ નોંધાવી. ત્યાર પછી પોલીસ એકશનમાં આવી ગઈ હતી. પોલીસે આરોપી રામબાબુ ગુર્જર અને તેના ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે. ડીએસપી ક્રાઈમ બ્રાન્ચ વિજય ભદૌરિયાએ જણાવ્યું હતું કે એક મહિલાએ સોમવારે ફરિયાદ નોંધાવી છે કે તેની સાથે કારમાં રેપ કરવામાં આવ્યો અને ત્યાર પછી હોટલમાં પણ તેની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. મહિલાની ફરિયાદના આધારે આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે.

# ગોધરા SRP પ્રાથમિક શાળા ખાતે યોગ શિક્ષણ તાલીમ શિબિર યોજાઈ

ગોધરા,
ગુજરાત સરકાર હાલ યોગ તરફ વધુ સક્રિય છે. ત્યારે જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે તાજેતરમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ ગોધરા દ્વારા યોગ શિક્ષણ તાલીમ શિબિરનું આયોજન કરવામા આવ્યુ હતુ.



ગોધરાની એસ.આર.પી ગ્રૂપ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ આ ત્રિદિવસીય શિબિરમાં શિક્ષકોને યોગ અને તેને લગતી અનેક બાબતો વિશે વિશદ જાણકારી આપવાં આવી હતી. એસ આર પીના પરેડ ગ્રાઉન્ડ ખાતે વિવિધ યોગ,જૂની વિસરાતી રમતો અને શિક્ષણમાં તેનો કેવી રીતે બાળકો સાથે વિનિયોગ કરવો જેવી બાબતોનો તજજ્ઞો દ્વારા પ્રેક્ટીકલ રીતે ખ્યાલ આપવામાં આવ્યો હતો. આ શિબિરમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલના સિનિયર લેક્ચરર બી.એમ.સોલંકીએ યોગ શિક્ષણ અને જૂની વિસરાતી રમતોને શિક્ષણમાં વણી લેવા અનુરોધ કર્યો હતો. આ તાલીમ શિબિરમાં તજજ્ઞ તરીકે લાભુભાઈ ગઢવી,વજેસિંહ પગી, રાકેશભાઈ પટેલ, નરેન્દ્રભાઈ બારીયા, રમેશભાઈ પરમાર, પ્રકાશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પરમાર તથા ઈસહાક શિકારીએ પોતની સેવાઓ આપી હતી.

# દાહોદ જિલ્લામાં મતદાનના દિવસે પોલીસની ૧૬૦ ક્વિક રિસપોન્સ ટીમ સતત પેટ્રોલિંગ કરશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની આગામી તા. ૨૮ની ચૂંટણીમાં નાગરિકો ભય વિના મતદાન કરી શકે એ માટે સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા ચૌબંધ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો ઉપર અનામત પોલીસ દળના જવાનોની વ્યવસ્થા સાથે ક્યુઆરટી અને સ્ટ્રાઈકિંગ ફોર્સની પણ વ્યવસ્થા પોલીસ દ્વારા ગોઠવવામાં આવી છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ઉક્ત બાબતે માહિતી આપતા જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે કહ્યું કે, દાહોદ જિલ્લાની નગરપાલિકાઓ ઉપરાંત જિલ્લા, તાલુકા પંચાયતની ચૂંટણીમાં મતદાન કેન્દ્રો ઉપર સ્થાનિક પોલીસ, ગ્રામ્ય રક્ષક દળના જવાનોને તહેનાત કરવામાં આવશે. આ ઉપરાંત સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન કેન્દ્રો ઉપર એસઆરપીના હથિયારધારી જવાનોનો બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

દાહોદ જિલ્લામાં ૧૬૦ ક્યુઆરટી ટીમ બનાવવામાં આવી છે. મતદાનના દિવસે આ ટીમો તેમના માટે નિયત કરવામાં આવેલા રૂટ ઉપર સતત પેટ્રોલિંગ કરતી રહેશે અને કોઈ રજૂઆત કે ફરિયાદ મળે તો તુરંત કાર્યવાહી કરશે. તદ્દઉપરાંત ૧૦ સિનિયર પોલીસ અધિકારીઓની સ્ટ્રાઈકિંગ ફોર્સ પણ સતત કાર્યરત રહેશે.

દાહોદમાં ડીવાયએસપી એચ. જે. બેંકર, લીમખેડામાં ડો. કાનન દેસાઇ અને ઝાલોદમાં ભાવેશ જાદવ દ્વારા રૂટ માર્ચ કરવામાં આવી છે. એસઆરપી દ્વારા ફ્લેગ માર્ચ કરવામાં આવી છે. પોલીસ દ્વારા એરિયા ડોમિનેશન એક્સરસાઈઝ કરવામાં આવી છે.

લીમખેડા ડિવીઝનમાં ડીવાયએસપી ડો.દેસાઈએ આ વખતે તમામ ઉમેદવારો સાથે બેઠક કરી કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને રાખી આરોગ્ય વિભાગની માર્ગદર્શિકા અનુરૂપ પ્રચાર કાર્ય કરવા સમજૂત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત, ભૂતકાળમાં ચૂંટણીને લગતા ગુના બન્યા હોય તેવા સ્થળોની પોલીસ દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. જેમાં આવા ગુનામાં આરોપી હોય એવા વ્યકિતને પણ સૂચનાઓ જારી કરી દેવામાં આવી છે.

# દાહોદ મામલતદાર કચેરી બહારથી બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ મામલતદાર ઓફીસની બહારથી એક વ્યકિતની લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ચોરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ તાલુકાના ખરોડ ગામે વાણીયાવાવ ફળિયામાં રહેતા પ્રતાપભાઈ હિંમતસિંહ ગુંડીયા ગત તા.૧૬મી ફેબ્રુઆરીના રોજ દાહોદ શહેરમાં આવેલ મામલતદાર ઓફિસ ખાતે કોઈ કામકાજ અર્થે આવ્યાં હતાં. આ દરમ્યાન તેઓએ પોતાની મોટરસાઈકલ મામલતદાર ઓફિસની બહાર મસ્જીદની સામે લોક મારી પાર્ક કરી ગયાં હતાં. આ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે પ્રતાપભાઈ હિંમતસિંહ ગુંડીયાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદ-પીપલોદ કમલ હાઈસ્કૂલમાં બાબા હરદેવસિંહજીની જન્મ જયંતીના ઉપલક્ષ્યમાં વૃક્ષારોપણ

દે.બારીઆ,

દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ કમલ હાઈસ્કૂલમાં બાબા હરદેવસિંહ જી મહારાજ ની ૬૭વી જન્મ જયંતીના ઉપલક્ષ્યમાં વૃક્ષારોપણ અને વૃક્ષને એડોપ નો કાર્યક્રમ કરવામાં આવ્યું. જેમાં ભારત સરકારની કોરોના વિશે ની તમામ ગાઈડલાઈનનું સંપૂર્ણપણે સોશિયલ ડિસ્ટન્સ રાખીને આ કાર્યક્રમની શરૂઆત સંતરોડ બ્રાન્ચના ઈન્ચાર્જ મહાત્મા અજય જી નિરંકારી હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કમલ હાઈસ્કૂલના આચાર્ય તેમજ શિક્ષકો હાજર રહ્યા હતા.



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

સંત નિરંકારી મિશન અનેક વર્ષોથી સમાજ કલ્યાણના કર્યોમાં કાર્યશીલ છે. વર્તમાન સમયમાં મિશન ની પોતાની સમાજ કલ્યાણ ની શાખા “સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન” દ્વારા સ્વાસ્થ્ય અને સશક્તિકરણના અનેક કાર્ય કરી રહ્યા છે. વર્તમાન સમય ના સદગુરૂમાતા સુદીક્ષા જી મહારાજ, બાબા હરદેવ સિંહજીના સંદેશ ને આગળ વધાવતા આ જ પ્રેરણા આપી રહ્યા છે કે, જીવન તભી સાર્થક હે, જબ વહ દૂસરો કે કામ આયે.

સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન ની સ્થાપના સતગુરુ બાબા હરદેવસિંહ મહારાજે ૨૦૧૦ માં કરી હતી. દર વર્ષે ૨૩ ફેબ્રુઆરીના દિવસે સતગુરૂ બાબા હરદેવસિંહ ના જન્મ દિવસ ના સુઅવસર પર અનેક ક્ષેત્રોમાં સામાજિક કાર્ય થાય છે. બાબાજી નો આ સંદેશ હતો કે, આગળ ના વર્ષો માં પણ ફેબરુઆરીના માસ માં આ સેવાઓ રોકવી ના જોઈએ. આ વર્ષે કોરોના કાળને દયાનમાં રાખીને આ નિર્ણય કરવામાં આવ્યું કે, દરેક જોન અને બ્રાન્ચમાં સંત પરિવાર પોતાના નિવાસ સ્થાને અથવા એવા કોઈ સ્થાને જ્યાં વૃક્ષ વાવીએ ત્યાં વૃક્ષ ને દત્તક લઈને તેની સારસંભાળ સારી રીતે રાખીને તેને ઉછેરવામાં આવે.

# ૧૬ રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશોમાં નવા કેસોમાં વધારો નોંધાતા કેન્દ્ર સરકાર ચિંતિત

ન્યુ દિલ્હી,

દેશમાં ફરી કોરોનાએ માથું ઊંચક્યું છે. ઘણા રાજ્યોમાં કોરોનાના કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. મહારાષ્ટ્ર અને કેરળ સિવાય અન્ય રાજ્યોમાં પણ નવા કેસો વધી રહ્યાં છે. લગભગ ૧૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગયા અઠવાડિયે કોરોનાના નવા કેસોમાં વધારો નોંધાયો છે. જેના કારણે રાજ્ય સરકારો સતર્ક બની છે.

લગભગ ગયા અઠવાડિયાથી કોરોનાના કેસોની સંખ્યામાં વધારોમાં જોવા મળ્યો, તે પ્રમાણે લગભગ ૭થી ૮ રાજ્યોમાં પરિસ્થિતિ ગંભીર થતી જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં ગયા અઠવાડિયે કોરોનાના કેસોમાં ૮૧ ટકાનો વધારો જોવા મળ્યો, જ્યારે મધ્ય પ્રદેશમાં ૪૩ ટકા, પંજાબમાં ૩૧ ટકા, જમ્મુ-કાશ્મીરમાં ૨૨ ટકા, છત્તીસગઢમાં ૧૩ ટકા અને હરિયાણામાં ૧૧ ટકા, ચંડીગઢમાં ૪૩ ટકાનો વધારો જોવા મળ્યો. જ્યારે કર્ણાટકમાં ૪.૬ ટકા અને ગુજરાતમાં ૪ ટકાનો વધારો નોંધાયો તો.

સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, મહારાષ્ટ્ર, કેરળ, છત્તીસગઢ, પંજાબ અને મધ્ય પ્રદેશમાં રોજના કેસોમાં વધારાનું કારણ સંક્રમણની સારવાર લઈ રહેલાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૦,૫૮૪ નવા કેસો આવતાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧,૧૦,૧૬,૪૩૪ થઈ છે. જ્યારે ૭૮નાં મોત બાદ કુલ મોતની સંખ્યા ૧,૫૬,૪૬૩ થઈ ગઈ છે. દેશમાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૧,૪૭,૩૦૬ છે અને ડિસ્ચાર્જની સંખ્યા ૧,૦૭,૧૨,૬૬૫ છે.

# ચીનની નાલાયકી: પેંગોંગ લેકથી હટાવેલા સૈનિકોને રૂતોગ વિસ્તારમાં વસાવ્યા

બેઈજિંગ,

ભારત અને ચીનની વચ્ચે લદાખ સરહદ પર વિવાદ ખત્મ થવા પર છે અને હવે બંને દેશોની સેનાઓ પેંગોંગ લેકથી પાછળ હટી રહી છે. પરંતુ તાજેતરની સેટેલાઈટની તસવીરોનું માનીએ તો ચીને પેંગોંગ લેક પરથી જે સૈનિકોને હટાવ્યા છે અને તેમને આગળ જઈ રૂતોગ વિસ્તારમાં વસાવામાં આવી રહ્યા છે, જે પેંગોંગ લેકના બિલકુલ પૂર્વ છેડા પર છે.

આ વિસ્તારમાં ૨૦૧૯ની સાલથી જ કામ ચાલી રહ્યું હતું જ્યારે ભારત અને ચીનના સૈનિકોની વચ્ચે વિવાદની શરૂઆત થઈ હતી. હવે આ બેઝ ભવિષ્યમાં કોઈપણ પ્રકારની ગતિવિધિ થવા પર ચીની સેના માટે એક બેકઅપની જેમ કામ કરી શકે છે.

આપને જણાવી દઈએ કે જે નવા વિસ્તાર એટલે કે રૂતોગમાં ચીની સેનાને વસાવામાં આવી રહ્યા છે તે પેંગોંગ ઝીલથી લગભગ ૧૦૦ કિલોમીટર અને મોલ્ડોથી ૧૧૦ કિલોમીટર દૂર છે. મોલ્ડો એ જ વિસ્તાર છે જ્યાં વિવાદ દરમ્યાન બંને દેશોની સેનાઓએ કેટલીય વખત વાતચીત કરી છે. રૂતોગના આ વિસ્તારમાં ૨૦૧૯થી જ સૈન્ય ગતિવિધિ વધી છે જેમાં રડાર સિસ્ટમ, જમીનથી હવામાં માર કરનાર મિસાઈલ, હેલિપોર્ટ, ટેક્ડ્રિલ્સ જેવી ગતિવિધિ સામેલ છે.

ચીની સેના દ્વારા આ વિસ્તારોમાં ઝૂંપડી જેવા ઘર બનાવામાં આવ્યા છે જેમાં સૈનિકોને રોકયા છે. સાથો સાથ આ વિસ્તાર નગારી સાથે જોડાયેલ છે, અહીંથી નગારી સુધી હવાઈ અને રસ્તા માર્ગ તૈયાર છે. એવામાં પેંગોંગ ઝીલની પાસે થનાર ગતિવિધિઓમાં ચીન ભવિષ્યમાં તેનો ઉપયોગ કરી શકે છે.

OSINT વિશ્લેષક @detresfa_ દ્વારા સેટેલાઈટ તસવીરોથી આ વિસ્તારની અસલી તસવીરોની ખબર પડી છે. તસવીરો પરથી દેખાય છે કે રૂતેગા વિસ્તારમાં ઘણી તૈયારી કરાઈ છે. જ્યાં સ્ટોરેજ એરિયા, ટેંટ, કેબિન અને અન્ય સુવિધાઓને તૈયાર કરાય રહી છે. એટલું જ નહીં રૂતોગમાં રડાર સ્ટેશન પણ હાજર છે. જે સેટેલાઈટ તસવીરોમાં સ્પષ્ટ દેખાય છે. રૂતોગમાં એ રીતે તૈયારીઓ કરાઈ છે કે શિયાળામાં સૈનિકોને અહીં રોકાવામાં કોઈ પરેશાની ના થાય એ પ્રકારની કેબિનો તૈયાર કરાઈ છે.

# દાહોદના રળીયાતી ગામેથી ૧.૨૯ લાખનો દારૂ

દાહોદ,

દાહોદ તાલુકાના રળીયાતી ગામે એક રહેણાંક મકાનમાંથી પોલીસે પ્રોહી રેડ કરી કુલ રૂા.૧,૨૯,૯૨૦ નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જ્યારે પોલીસને જોઈ બુટલેગર નાસી ગયાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ગત તા.૨૨મી ફેબ્રુઆરીના રોજ રળીયાતી ગામે સાંગા ફળિયામાં રહેતા રાહુલભાઈ કાળીયાભાઈ સંગાડીયાના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરી હતી. પોલીસને જોઈ રાહુલભાઈ સંગાડીયા નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેના મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૧,૧૫૨ જેની કુલ કિંમત રૂા.૧,૨૭,૯૨૦નો પ્રોહી જથ્થો કબજે કરી ફરાર રાહુલભાઈ સંગાડીયા વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પટેલ વિસ્તારમાં પોસ્ટ ઓફિસ અને ગેસ એજન્સીમાં ચોરીનો પ્રયાસ કર્યો


દાહોદ,

દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં આવેલ પોસ્ટ ઓફિસ અને ઈન્ડિયન ગેસ એજન્સીમાં અજાણ્યા તસ્કરોએ આ બે સ્થળે ચોરી કરવાના ઈરાદે તાળા તોડી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તસ્કરોને આ બંન્ને જગ્યાઓથી કંઈ પણ ન મળતાં વિલા મોઢે પરત ફરવાનો વારો આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. દાહોદના પરેલ વિસ્તારમાં સ્પોર્ટ ગ્રાઉન્ડની સામે આવેલ પોસ્ટ ઓફિસ અને ઈન્ડિયન ગેસના ગોડાઉનમાં ગતરોજ મોડી રાત્રીના કોઈપણ સમયે આ બંન્ને સ્થળોએ તસ્કરોએ ત્રાટક્યાં હતાં. પોસ્ટ ઓફિસ અને ઈન્ડિયન ગેસના ગોડાઉનના તાળા તોડી તસ્કરોએ અંદર પ્રવેશ કર્યો હતો. પોસ્ટ ઓફિસની તિજોરી પણ તોડી નાંખી હતી. જ્યારે ગેસના ગોડાઉનના પણ તાળા તોડી બંન્ને સ્થળોના સામાન વેર વિખેર કરી તસ્કરો નાશી ગયાં હતાં. જાણવા મળ્યા અનુસાર, તસ્કરોના ચોરીના નિષ્ફળ પ્રયાસની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ભાવનગરની સ્ટેટ બોર્ડર પાસેથી અંદાજે ૧૫૦ વર્ષ જૂનો લખાણ વાળો પથ્થર મળ્યો

ભાવનગર,

ભાવનગરનાં રજવાડા સમયની સ્ટેટની બોર્ડર પાસે ૧૫૦ વર્ષ જૂનો વન્યજીવો શિકાર માટે દંડ ફરમાવતો પત્થર મળી આવ્યો છે. ભાવનગરમાં આવેલ બ્લેકબક નેશનલ પાર્ક નાં એ.સી. એફ. ડૉ.મહેશ ત્રિવેદી દ્વારા તાજેતરમાં નેશનલ પાર્ક થી લગભગ ૨૦ કી.મી. દૂર દેવપરા ગામની બોર્ડર પાસે આરસ પર કોતરેલી એક સૂચના મળી આવી છે. આ પત્થર ની કોતરણી મહારાજા ભાવસિંહજી બીજા નાં સમયની ગણવામાં આવે છે કારણકે તેમના સમયગાળા દરમિયાન વન્ય પ્રાણીઓને લઈને ઘણા નિયમો બન્યા હતા. આ લખાણ પણ ૧૮૯૦ થી ૧૯૧૧ સુધીના સમયગાળા નું ગણી શકાય. લખાણ અનુસાર ભાવનગર માં પરવાનગી સિવાય કોઈપણ પ્રાણીનો શિકાર કરી શકાય નહિ અને શિકાર કરનાર વ્યક્તિને ૧૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે. આજથી દોઢસો વર્ષ પહેલાં સો રૂપિયાનો દંડ લગભગ અધધ ગણી શકાય.



ત્યારે ભાવનગર સ્ટેટ માં ફક્ત વન્યપ્રાણીઓના બચાવ માટે મહારાજનો આવો વિચાર સરાહનીય અને ઉજ્જ્વળ ભવિષ્ય માટેનો છે. અત્યારે જ્યાં આ પત્થર આવેલો છે ત્યાં ભાવનગર સ્ટેટ ના સમયમાં રાણીઓ ની વિડ હતી. પહેલાના રાજા અને રાણીઓ માટે વીડ કે જંગલનો વિસ્તાર રહેતો. આઝાદી બાદ અહીં મીઠાના અગરો બન્યા અને જંગલ વિસ્તારમાં આ પત્થર એમને એમ રહી ગયો. આટલા વર્ષો પાણી અને ધૂળ, વરસાદ સામે રક્ષણ પામીને એ પત્થરનું એમને એમ રહેવું પણ આશ્ચર્યજનક ઘટના છે. આર્કિયોલોજી વિભાગ દ્વારા જો અહીં કોઈ રિસર્ચ કરવામાં આવે તો આ પથ્થર ચોક્કસ કેટલા વર્ષ જૂનો છે તેનો ખ્યાલ આવી શકે.

બીજા રજવાડાઓ જ્યારે બેફામ શિકાર કરતા ત્યારે ભાવનગર નાં રજવાડાઓમાં પરવાના વિના શિકાર કરવાની મનાઈ હતી. ૧૯૭૨ માં વન્યપ્રાણી સંરક્ષણ માટે નિયમ લાગુ થયો તેની અડધી સદી પહેલા પણ ભાવનગર માં શિકાર કરવા માટે ઘણા પ્રતિબંધો હતા. આજથી ૧૫૦ વર્ષ પહેલાં જ્યારે ૧૦૦ રૂપિયામાં અઢળક સોનું આવી શકતું હોય ત્યારે લોકોને શિકાર માટે દંડ કરવો સાબિતી છે કે ભાવનગર નાં રજવાડાઓ પ્રાણી પ્રેમી હતા. એ સમયે તો ક્યાં પ્રાણીનો, કેટલા શિંગાડા વાળું, નર કે માદા વગેરે લખીને પરવાનગી મળતી અને એમાં શરતચૂક થાય તો પણ દંડ થતો.

# ઈન્દોરમાં ટેક્કર-કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત: છ યુવકોના મોત

ઈન્દોર,

મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક રોડ એક્સિડેન્ડમાં છ મિત્રનાં મોત થયાં છે. તેઓ પાર્ટી કરીને પરત ફરી રહ્યા હતા. તેમની ફુલ સ્પીડે જતી કાર ટેક્રની પાછળ અથડાઈ ગઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે ડમ્પરનું સ્ટેપની તૂટી ગયું હતું અને કારની આગળ અને પાછળની સીટનો ભાગ લગભગ એકબીજાને ચોંટી ગયો હતો.



બે મિત્ર સીટ પરથી ઊછળીને બોનેટ પર આવી ગયા હતા. તેમાંથી કોઈનો હાથ તો કોઈનું માથું ધડથી અલગ થઈ ગયાં હતાં. આ દુર્ઘટના સોમવારે રાતે અંદાજે એક વાગે નિરંજન ચાર રસ્તા ઘટી હતી. તેઓ દેવાસ તરફથી આવી રહ્યા હતા. જોકે હજી એ સ્પષ્ટ નથી થયું કે તેઓ પાર્ટી કરવા ક્યાં ગયા હતા અને આ ઘટના કઈ સ્થિતિમાં ઘટી હતી. લસૂડિયા પોલીસના એસઆઈ નરસિંહ પાલે જણાવ્યું હતું કે કાર ખૂબ ખરાબ રીતે ડેમેજ થઈ ગઈ છે. એને ગેસ કટરથી કાપીને મૃતદેહો બહાર કાઢવા પડશે. કારમાં કુલ છ લોકો હતા. ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત થઈ ગયાં છે. બે મિત્ર જીવતા હતા, પરંતુ તેમનાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયાં છે.

# મતગણતરી પહેલા EVM બદલાવાની આશંકાથી ગુજરાત કોલેજ પર હોબાળો

અમદાવાદ,

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અન્વયે રાજયની ૬ મહાનગર પાલિકાની ચુંટણીના મતદાન બાદ આજે મતગણતરી થવા જઈ રહી છે ત્યારે મતગણતરીની પૂર્વ રાત્રીએ અમદાવાદની ગુજરાત કૉલેજ કેમ્પસ પર ભારે હોબાળો જોવા મળ્યો હતો. ચૂંટણીનું પરિણામ આવવાની પૂર્વ રાતે સોમવારે મોડી રાતે ગુજરાત કોલેજના ઈવીએમ સ્ટ્રોંગ રૂમમાં મૂકેલા ઈવીએમમાં ચેડા કરવામાં આવી રહ્યા હોવાની અફવા ફેલાતા કેટલાક ઉમેદવાર અને તેમના ટેકેદારો ગુજરાત કોલેજના મુખ્ય ગેટ પર એકત્ર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા.અને મામલાને થાળે પાડ્યો હતો.

રાજકોટ અને સુરતમાં ઈવીએમ સાથે ચેડા થતા હોવાના કોંગ્રેસે આક્ષેપ કર્યા બાદ અમદાવાદમાં મધરાતે આ ઘટના પ્રકાશમાં આવી હતી.ગુજરાત કોલેજના સ્ટ્રોંગ રૂમમાં મૂકેલા ઈવીએમ મશીનમાં ચૂંટણીના પરિણામના પેહલા ચેડા કરી પરિણામો બદલી નાખવા માટે સત્તાધારી પક્ષમાં કેટલાક કાર્યકરો ઈવીએમની પેટીઓ વાહનોમાં નાખીને લઈ ગયા હોવાની અફવા ફેલાતા ચૂંટણી લડી રહેલા ઉમેદવારો તેમના ટેકેદારો સાથે મોટી સંખ્યામાં ગુજરાત કોલેજના ગેટ પર દોડી ગયા હતા અને ગેટ ખોલી અંદર જવા માટે પોલીસ સાથે ઘર્ષણમાં ઉતર્યા હતાં.

આ ઉપરાંત એલડી એન્જિનિયરિંગ કોલેજની બહાર પણ વિવાદ સર્જાયો છે. જમાલપુર વોર્ડની આપ પાર્ટીના ફેસબુક પેજ પરથી લાઈવ કરવામાં આવ્યું હતું. જેમાં જોઈ શકાય છે કે કોલેજ કેમ્પસમાં એક શંકાસ્પદ કાર મળી આવી છે. આ કાર પર પોલીસનો સિમ્બોલ છે અને કોંગ્રેસનો સિમ્બોલ પણ લાગેલો છે. જેમાંથી બેઠેલા તમામ શખ્સ નશાની હાલતમાં હોય તેવું લાગી રહ્યું છે. તેટલું જ નહીં ગાડીમાંથી કેટલીક શંકાસ્પદ બોટલ પણ મળી આવી છે.

# નવા ઈકો સિસ્ટમમાં નવી લિડરશીપની જરૂર: મોદી

ન્યુ દિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આઈઆઈટી ખડગપુરમાં ડો.શ્યામા પ્રસાદ મુખર્જી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ અને રિસર્ચનું ઉદ્ઘાટન કર્યું હતું અને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આઈઆઈટી ખડગપુરના ૬૬ માં દિક્ષાંત સમારોહને પણ સંબોધન કર્યું હતું. આ પ્રસંગે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ જગદીપ ધનખાર, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન રમેશ નિશંક પોખરીયલ અને કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી સંજય ધોત્રી અને રાજ્યના શિક્ષણ પ્રધાન ઉપસ્થિત રહ્યા છે. આઈઆઈટી ખડગપુરના ૬૬ માં દિક્ષાંત સમારોહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આ દિવસ માત્ર આઈઆઈટી ખડગપુરના ડિગ્રી મેળવનારા વિદ્યાર્થીઓ માટે જ મહત્વપૂર્ણ નથી પરંતુ નવા ભારત નિર્માણ માટે આ દિવસ પણ એટલો જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે જીવનના માર્ગ પર હવે તમે આગળ વધી રહ્યા છો, ચોક્કસ તમને પણ ઘણા પ્રશ્નોનો સામનો કરવો પડશે. આ રસ્તો સાચો છે, ખોટો છે, સમય બગાડશે નહીં? આવા અનેક પ્રશ્નો સામે આવશે. આ પ્રશ્નોના જવાબ છે - ’સેલ્ફ થ્રી’ એટલે ’સ્વ જાગૃતિ’, ’આત્મવિશ્વાસ’ અને ’નિસ્વાર્થ ભાવના’થી આગળ વધવુ.



વડા પ્રધાને કહ્યું કે એક સમયે જ્યારે વિશ્વ હવામાન પલટાના પડકારોથી ઝઝૂમી રહ્યું છે, ત્યારે ભારતે આંતરરાષ્ટ્રીય સૌર જોડાણનો વિચાર વિશ્વની સામે મૂક્યો અને તેને મૂર્ત બનાવ્યો. ભારત દ્વારા શરૂ કરાયેલા આ અભિયાનમાં આજે વિશ્વના ઘણા દેશો જોડાઈ રહ્યા છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સ હોય કે મોર્ડન કન્સ્ટ્રક્શન ટેકનોલોજી, આઈઆઈટી ખડગપુર પ્રશંસનીય કાર્ય કરી રહી છે. તમારા સોફ્ટવેર સોલ્યુશન્સ કોરોના સામેની લડતમાં પણ ઉપયોગી છે. હવે તમારે હેલ્થ ટેકના ભાવિ ઉકેલો પર ઝડપથી કામ કરવું પડશે.

પીએમએ કહ્યું કે આજે નવી ઈકો સિસ્ટમમાં નવા નેતૃત્વની જરૂર છે, હું માનું છું કે નવી રચના જલ્દીથી બનશે એક એન્જિનિયર તરીકે, તમારામાં એક ક્ષમતા વિકસે છે અને તે જ વસ્તુઓને પેટર્નથી પેટન્ટમાં ખસેડવાની ક્ષમતા છે એટલે કે. આ રીતે, તમારી પાસે વિષયોને વધુ વિગતવાર જોવાની દ્રષ્ટિ છે.


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 155


# પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# પંચમહાલ સમાચાર ની ગોધરા નગર પાલિકા વિસ્તારોમાં ગ્રાઉન્ડ રિપોર્ટ આપતી લોકપ્રશ્નોની શ્રેણી

## વોર્ડ નં.૬ એશિયા ખંડમાં સૌથી મોટી કબ્રસ્તાન ધરાવતો ગોધરાનો પોલનબજાર થી મજાવર રોડ ખખડધજ


પોલનબજાર ઉર્દુ કન્યા સ્કુલ પાસે શૌચાલય શોભાના ગાઠીયા રૂપ.


રાંટા પ્લોટના આંતરિક વિસ્તારનો કાચો રસ્તો.



જહુરપુરા વિસ્તારમાં સભ્ય સામે નારાજગી દર્શાવતું બેનર.


કબ્રસ્તાન ધરાવતાં મજાવર રોડ તુટ-ફુટ હાલતમાં.

### વોર્ડ નં.૬ ના ઉમેદવારો

- ઈસ્હાક મોહમંદ ઘાંચીભાઈ – AIMIM
- સુલેમાન મોહમંદ હસન – બહુજન સમાજ પાર્ટી
- અનસ ફારૂક અંધી – અપક્ષ
- અપેક્ષાબેન નૈનેશભાઈ સોની – અપક્ષ
- ઈરફાન અહેમદહુસેન જરગાલ – અપક્ષ
- ખાદીજાબીબી એહમદ પાડા (ખજ્જી હજિયાણી) – અપક્ષ
- ખેરૂન્નીશા ચાંદમહમંદ શેખ – અપક્ષ
- મકસુદા મો.યુસુફ બોગલ – અપક્ષ
- મેહફુઝ અબ્દુલરઉફ પટેલ – અપક્ષ
- મોહમ્મદઈલ્યાસ હુસેન મુલ્લા – અપક્ષ
- શમા ઉસ્માનગની બેલી – અપક્ષ
- સફુરાબીબી અહેમદસઈદ સદામસ – અપક્ષ
- સફુરાબીબી શબ્બીર ભટુક (હબ્શી) – અપક્ષ
- સાજીદ સિકંદર કલા – અપક્ષ
- હસીના એજાઝઅહેમદ શેખ – અપક્ષ
- હાજરા સફીઅહમદ ઝભા – અપક્ષ

### વોર્ડ નં.૬ ના મતદારોના સમીકરણ

| પુરૂષ: ૫૯૫૨ | સ્ત્રી : ૫૯૮૩ | કુલ : ૧૧૯૩૫ |
|---|---|---|

ગોધરા, લોકપ્રશ્નોને જાણવાના વિનમ્ર પ્રયાસ સાથે બિનરાજકીય નિષ્પક્ષપણે રજુ કરતી શ્રેણીના ભાગરૂપ ગોધરા પાલિકાના વોર્ડ નં.૬ની મુલાકત લેતાં લોકોએ પોતાની લાગણી વ્યકત કરી હતી. આ વોર્ડમાં જહુરપુરા, ગોહ્યા મહોલ્લા, શિકારી મહોલ્લા, વાલી ફળીયા ૧,૨,અને૩, પોલનબજાર, દડી પ્લોટ, રાટા પ્લોટ, મહમંદી મહોલ્લા સહિતના લઘુમતી સમાજના લોકો રહે છે. અહીં મુખ્યત્વે રસ્તાના પ્રશ્ન છે.


એશિયા ખંડમાં સૌથી મોટી કબ્રસ્તાન ધરાવતો ગોધરાનો પોલનબજાર થી મજાવર રોડ સુધી સમાવેશ પામે છે. આ મહત્વનો અને જાહેર રસ્તો હોવાના કારણે વેજલપુર રોડ, વચલા ઓઢા, રાટા પ્લોટ, પટેલ મીલ સહિતના વિસ્તારોમાંથી વાહન ચાલકો રાત–દિવસ અહીંથી પસાર થાય છે. વર્ષો પૂર્વે બનાવવામાં આવેલ રસ્તાઓની ગુણવત્તા જાળવવામાં નહીં આવતાં તથા સતત અવરજવરના કારણે આ રસ્તાની સામગ્રી બહાર આવીને તૂટફુટ હાલતમાં જોવા મળે છે. ઠેરઠેર ઉબડખાબડ બનેલા માર્ગને લઈને લોકો ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ, કરીને ચોમાસામાં અહીં કાદવ–કીચડ સર્જાવવાના કારણે લોકોની તકલીફો વધી જાય છે. તેવા સમયે જનાજો લઈ જનારને સાચવીને પસાર થવું પડે છે. અનેકવાર રજુઆત કરવા છતાં પાલિકા દ્વારા અનદેખી કરવામાં આવતાં છેવટે સેવાભાવી લોકો દ્વારા રસ્તાની મરામત કરીને અવરજવર થઈ શકે તે પ્રમાણે વ્યવસ્થિત કરાઈ રહી છે.


પોલીસ ચોકી નં.૭ થી છેક સાતપુલ તરફ જતાં જાહેર રસ્તાને નગર પાલિકાની ચુંટણીને અનુલક્ષીને લોકોને રીઝવવા માટે બન્ને તરફનો રસ્તો ખોદીને પહોળો કરવાની કામગીરી આદરી હતી. પરંતુ કોન્ટ્રાકટરની ઉદાસીનતા કે અન્ય કારણોસર આ રસ્તાની બન્ને તરફ ખોદાયેલા ઢીચણ સમા ખાડાઓને કેટલાક સ્થળો એ પૂરણ કરીને કપચી ઠાલવવામાં આવેલી છે. તો કેટલીક જગ્યાએ ખોદાયેલા ખાડાઓ યથાવત છે. છેલ્લા ચાર માસથી ખોદાયેલા ખાડા બાદ નવિન રસ્તો બનાવવામાં નહીં આવતાં લોકોને અકસ્માતની ભીંતિ વચ્ચે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ, કરીને મદની મસ્જીદ, રબ્બાની મસ્જીદ, સુફી મસ્જીદ, કુબરા મસ્જીદ, યુસુફ મસ્જીદ જેવી મસ્જીદોમાં આવતા જતાં નમાઝીઓને આ અધુરા રસ્તાને કારણે મુશ્કેલી પડી રહી છે.


રાટા પ્લોટ, દડી પ્લોટ, ખાલપા પ્લોટ, ચુચલા પ્લોટ જે મોટી સંખ્યામાં લોકો રહે છે. જે તે સમયે સભ્યો દ્વારા આતંરીક રસ્તો બનાવવમાં આવશે તેવા વચનો આપવામાં આવ્યા નથી. પાંચ વર્ષની અવધિ પૂર્ણ થઈને ચુંટણીનો ચકાવો સર્જાયો છે. ત્યારે તાજેતરમાં રાટા પ્લોટમાં એક મોટો રસ્તો બનાવવાનો કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ અંદરના રસ્તાઓ કાચા છે. જેને પાકા બનાવવામાં નહીં આવતા લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સિદ્દીક રાટાના મકાન થી મુસ્તાક ઝુજારાના ઘર સુધી ૬૫ મીટર રસ્તો મંજુર કરવા છતાં આજદિન સુધી બનાવવામાં નહીં આવતાં મંજુરી કાગળ પર ભાસે છે.


રાટા પ્લોટ વાલી ફળીયા સહિતના વિસ્તારોમાં નિયમિતપણે કચરો ઉઠાવવામાં આવતો નથી. વળી, આ રહેણાંક વિસ્તારની આસપાસ ફેંકવામાં આવેલી ગંદકીને સફાઈ કામદારો દ્વારા સાફ–સફાઈ કરાતી નથી. પાલિકા દ્વારા ડોર ટુ ડોર કચરા કલેકશન વાહન ૧૫–૧૫ દિવસે આવતાં લોકોને ગંદકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સાથે મુકાયેલા કન્ટેનરો પણ ઉઠાવવામાં નહી આવતા દિવસો સુધી ગંદકી ઉભરાઈને બહાર રેલાય છે.

## વોર્ડ નં.૭ ઝકરીયા સ્કુલ અને મૌલાના આઝાદ શાળાની આસપાસ ૩૦૦ ઉપરાંત ઘરોમાં દુષિત અને દુર્ગંધ યુકત પાણીની સમસ્યા


પ્રોટીન મીલની સામે દિવસોથી ગંદકીની સાફ-સફાઈ નહી.


મેંદા પ્લોટ તરફ જતાં રસ્તાની પાસેની ગંદકી.


પેટ્રોલ પંપથી સિગ્નલ ફળીયાના જતાં રસ્તો બંધ


સિગ્નલ ફળીયાના ગરનાળામાં એકત્રિત થતું પાણી.

### વોર્ડ નં.૭ ના ઉમેદવારો

- મો.ફેસલ અ.અઝીઝ સુજેલા – AIMIM
- અશરફઅલી ખાલીદ ચાંદા – અપક્ષ
- અશરફ હુસેન ચાંદા – અપક્ષ
- આમીર મો.હનિફ ભગત – અપક્ષ
- ઈમરાન ઈસ્માઈલ જમાલ હાજી – અપક્ષ
- જાવેદ હુસેન વલીવાંક – અપક્ષ
- ઝુલેખા હુસેન રહેમત – અપક્ષ
- તાહેરાબાનુ શોએબ મોલવી (મેડમ માયા) – અપક્ષ
- ફેમીદા જાવેદ વલીવાંક – અપક્ષ
- ફેંસલ એહમંદ મેંદા – અપક્ષ
- શોકત હુસેન ભગત – અપક્ષ
- સબા ઈમરાન ભાણા – અપક્ષ
- સલમાન મોહમંદ સમોલ – અપક્ષ
- સિદ્દીક અબ્દુલહક સમોલ – અપક્ષ
- સિદ્દીક મોહમંદ સાહેબખા (ડેની) – અપક્ષ

### વોર્ડ નં.૭ ના મતદારોના સમીકરણ

| પુરૂષ: ૪૧૦૩ | સ્ત્રી : ૩૮૨૮ | કુલ : ૭૯૩૧ |
|---|---|---|

ગોધરા, લોકપ્રશ્નોને જાણવાના વિનમ્ર પ્રયાસ સાથે બિનરાજકીય નિષ્પક્ષપણે રજુ કરતી શ્રેણીના ભાગરૂપ ગોધરા પાલિકાના વોર્ડ નં.૭ની મુલાક્ત લેતાં લોકોએ પોતાની લાગણી વ્યકત કરી હતી. આ વોર્ડમાં રગડીયા પ્લોટ, મેંદા પ્લોટ, સીંગ્નલ ફળીયા, બીલાલ મસ્જીદ, ઈમરાન મસ્જીદ વિસ્તાર તથા ગરનાળા સહિત ભામૈયા ચોકડી સુધીનો વિસ્તાર સમાવેશ પામે છે. અગાઉ થયેલા વિકાસના કામો બાદ લોકો હજુયે પાણીની સુવિધારૂપ જુદો જુદો વિકાસ ઝંખી રહ્યા છે. સિગ્નલ ફળીયા સ્થિત ગરનાળા વિસ્તાર છે. આ અંડર ગ્રાઉન્ડ રેલ્વે ગરનાળા માંથી રાત–દિવસ મોટા વાહનો સાથે લોકોને અમદાવાદ તરફ આવન જાવન રહે છે. પરંતુ આ નિચાણવાળું ગરનાળું હોવાના કારણે દર ચોમાસામાં વરસાદી પાણીના ભરાવાના કારણે પાંચ–પાંચ ફુટ સુધી ઊંચાઈ જળવાઈ રહે છે. આસપાસના પાણીના નિકાલ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલી નથી. આમ, દિવસોમાં લીમ્બા તળાવનું ઝમણ તથા રેલ્વે વિસ્તાર માંથી વપરાશનું ગંદુ પાણી અહીં આવીને આ અંડર ગ્રાઉન્ડમાં ઠલવાય છે. જેથી રોજીંદા પસાર થતા લોકોને ભારે તક્લીફ પડે છે. ચોમાસાની માફક ભરાતા પાણી માંથી પસાર થતા દ્વિચક્રી વાહનોના સાયલેન્સરમાં પાણી ભરાતા વાહનો બંધ થઈને તેઓને દોરીને લઈ જવા પડે છે. રેલ્વે દ્વારા સમારકામ કરવામાં મંજુરી પાલિકાને આપતું નથી કે રેલ્વે તંત્ર પણ સ્વયં કામ કરતું નથી.

કાલાભાઈ પેટ્રોલ પંપ થી ભામૈયા ચોકડી તરફ જતા સિગ્નલ ફળીયાના રસ્તાને વર્ષો પૂર્વે આસપાસના દબાણો દુર કરીને બન્ને બાજુએ રસ્તા બનાવીને ડીવાઈડર મૂકીને ટ્રાફિક હલ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ જમણી બાજુનો રસ્તો પાકો બનાવવામાં આવેલો છે. જયારે ડાબી તરફનો રસ્તો અધુરો અને કાચો છે. આ કામગીરી શરૂ કરવાના ભાગરૂપ ખોદી કઢાયેલો રસ્તો આજદિન સુધી બનાવવામા નહીં આવતાં છેલ્લા ૩–૪ વર્ષથી લોકો દ્વારા ટેમ્પા, ટ્રક, રીક્ષા જેવા અન્ય સાધનો પાર્કિંગ કરીને રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. આ ખોદાયેલા રસ્તાને નવ નિર્માણ નહીં કરાતા જાહેર રસ્તો જાણે પ્રાઈવેટ બની ગયો છે. અને લોકોને જવામાં ઉપયોગી બનેલો ન હોવાથી એકમાત્ર જમણી બાજુનો રસ્તો કાર્યરત છે. આ જમણી બાજુના રસ્તા ઉપરથી આવન જવન થતાં ટ્રાફિક જામ રહે છે. આથી આ રસ્તો વહેલી તકે બનાવવામાં આવે તેવી માંગ છે.

વોર્ડ નં.૭માં આવેલ મેંદા પ્લોટ, રગડીયા પ્લોટ સહિતના વિસ્તારોમાં આવેલ ભૂર્ગભ ગટર યોજનાનો ઉપયોગ વ્યવસ્થીતપણે થતો નથી. આ રહેણાંક વિસ્તારોના આંતરિક ભાગોમાં ખેંચવામાં આવેલી લાઈન ઊંચા–નીચી છે. લેવલ નહીં જાળવવાના કારણે અહીં ગટરનું પાણી સડસડાટ પસાર થતું નથી. અને એક તરફ જ પાણી વહે છે. જેથી ઉભરાતી ગટરથી લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ વિસ્તારની નીકો પણ નિયમિતપણે સાફ–સફાઈ નહીં થતાં કચરાંથી ઉભરાઈ રહેવાની સાથે અસહ્ય દુર્ગંધ પ્રસરાતા લોકોને અચૂક મોં ઢાંકવા પડે છે.

ઝકરીયા સ્કુલ અને મૌલાના આઝાદ શાળાની આસપાસ આવેલો વિસ્તાર વોર્ડ નં.૭નો છેવાડાનો છે. અહીં પાલિકા દ્વારા પીવાના પાણીની લાઈન પસાર કરી છે. પરંતુ કેટલાક ઘરોમાં નળ કનેકશન અપાયા નથી. ઘરની બહાર માત્ર નળ કનેકશનના પાઈપો ગોઠવાયેલી છે. અને જોડાણ અપાયું નથી. આશરે ૩૦૦ ઉપરાંત ઘરોમાં આવતા પાણી પાઈપ લાઈન સાથે ભૂર્ગભ ગટર યોજનાની લાઈન પસાર થતી હોવાથી પીવાના પાણીની પાઈપ લાઈનમાં આ ગંદકી ભેળતા પાણી દુષિત અને દુર્ગંધ યુક્ત આવતા લોકો પીવા માટે ઉપયોગ કરી શકતા નથી. અને નાછુટકે તેઓને બોરનો અને બજારમાંથી ખરીદી કરવી પડે છે.

## શહેરાના વલ્લવપુર ગામે જમીન કબ્જો ચાલુ રાખતા પોલીસ મથકે લેન્ડ ગ્રેબીગની ફરિયાદમાં બે આરોપીઓના આગોતરા જામીન અરજી નામંજુર

શહેરા, શહેરા તાલુકાના વલ્લવપુર ગામે ગીરોખત આવેલ જમીનમાં ગીરોવેગ લીધેલ નાણા પંચો રૂબરૂ પરત આપવા છતાં ગેરકાયદેસર રીતે કબ્જો ચાલુ રાખેલ હોય આ બાબતે ગુજરાત રાજયના નવા લેન્ડ એન્ડ ગ્રેબીગના એકટ હેઠળ બે ઈસમો વિરૂદ્ધ શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ હતી. તેમાં બન્ને આરોપીઓ દ્વારા પંચમહાલ એડીશનલ સેશન્સ જજ કોર્ટમાં આગોતરા જામીન અરજી મુકેલ હતી. તેને કોર્ટ દ્વારા નામંજુર કરવાનો હુકમ કરવામાં આવ્યો.

શહેરા તાલુકાના વલ્લવપુર ગામની સીમમાં આવેલ સર્વે નં.૮૧૬ (જુના સર્વે નંબર ૧૫૫ પૈકી ૧ ) વાળી જમીન ફરીયાદીએ વલ્લવપુર ગામે રહેતા બળવંતસિંહ ગણપતસિંહ સોલંકી અને જશવંતસિંહ બળવંતસિંહ સોલંકીને ગીરો પેટે ૫૦,૦૦૦/–રૂપીયામાં આપેલ હતી. ગીરો પેટે લીધેલ ૫૦,૦૦૦/–રૂપીયા ફરીયાદીએ ૨૫/૫/૨૦૧૯ના રોજ પંચોની રૂબરૂ પરત આપી દીધેલ હતા અને ગીરોખત પણ પરત મેળવી લીધું હતું છતાં આરોપીઓ ફરિયાદીની જમીન ઉપર ગેરકાયદેસર કબ્જો ચાલુ રાખવામાં આવ્યો હોય તે બાબતે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદાની કલમ ૩,૪(૩), ૫(સી), ૫(ડી) મુજબ શહેરા પોલીસ મથકે આરોપીઓ બળવંતસિંહ ગણપતસિંહ સોલંકી, જશવંતસિંહ બળવંતસિંહ સોલંકી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી હતી. શહેરા પોલીસ મથકે નોંધાયેલ લેન્ડ એન્ડ ગ્રેબીગની ફરિયાદમાં ધરપકડ ન થાય તે માટે આગોતરા જામીન અરજી મૂકવામાં આવી હતી. આગોતરા જામીન અરજીમાં આરોપી દ્વારા રજુઆત કરાઈ હતી કે, આગોતરા જામીન અરજી કરતા અરજદાર જશવંતસિંહ બળવંતસિંહ સોલંકીને સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં શહેરા તાલુકા પંચાયતમાં કોંગ્રેસના મેન્ડેટ ઉપર ચુંટણી ફોર્મ ભરેલ છે. જ્યારે તેમના પત્ની કિરણબેન જીલ્લા પંચાયત માટે કોંગ્રેસના મેન્ડેટ ઉપર ઉમેદવારી પત્રક ભરેલ છે. અમને આડકતરી રીતે રાજકીય દબાણવશ તદ્દન ખોટી ફરિયાદ કરવામાં આવી છે. અમારા દ્વારા ગીરો પેટે લીધેલ જમીનનો કબ્જો સુપ્રત કરેલ છે અને અત્યાર સુધી જમીનનો કબ્જો મળ્યો નથી તેવી નોટીસ આપીને દાવો કરેલ નથી. ચુંટણીની અદાવતમાં ખોટી ફરિયાદ થયેલ છે. તેવા કારણો સાથે આગોતરા જામીન અરજી મુકવામાં આવી હતી. શહેરા પોલીસ મથકે નોંધાયેલ ગ્રેન્ડ એન્ડ ગ્રેબીંગના ગુનામાં ફરિયાદ થયેલ હોય તેવા આરોપીઓની જામીન અરજીની સુનાવણી પંચમહાલ ગોધરા સ્પે. જજ (પોકસો) અને એડીશનલ સેશન્સ જજ માં હાથ ધરાઈ હતી. તેમાં અરજદારો એ ગેરકાયદેસર જમીન કબ્જે કરેલ જગ્યાનો શું ઉપયોગ કરેલ છે. નાણાંકીય વળતર મેળવેલ છે કે કેમ હાલ ગુનાની પોલીસ તપાસ ચાલતી હોય ત્યારે અરજદાર/ આરોપીઓને આગોતરા જામી આપવામાં ગુનાની તપાસમાં અસર થઈ શકે તેમ છે. તપાસ માટે કસ્ટડી પણ આવશ્યક હોય માટે આગોતરા જામીન અરજી નામંજુર કરવામાં આવતો હુકમ કરવામાં આવશે.

## ગોધરામાં ભરતસિંહ સોલંકીની સભામાં બે કોંગી ઉમેદવારો સ્ટેજ પરથી નીચે પડતા હાસ્યાત્મક દ્રશ્યો સર્જાયા

ગોધરા, ગોધરા શહેરા સ્થાનિક સ્વરાજની પાલિકાની ચુંટણીમાં કોંગ્રેસ ઉમેદવારોના પ્રચાર માટે કોંગ્રેસ અગ્રણી નેતા ભરતસિંહ સોલંકી ગોધરા માર્કેટીંગયાર્ડ ખાતે આવ્યા હતા. ચુંટણી સભા માટે કોંગ્રેસ દ્વારા ઉભો કરવામાં આવેલ તેમજ ઉપર થી બે કોંગ્રેસી ઉમેદવાર નીચે ગબડી પડતા દોડધામ મચી જવા પામી છે. ગોધરા નગર પાલિકામાં કોંગ્રેસ પાર્ટીના મેન્ડેટ ઉપર ઉમેદવારો ચુંટણી જંગમાં ઉતર્યા છે. ત્યારે આવા ઉમેદવારોના પ્રચાર માટે કોંગ્રેસના અગ્રણી નેતા ભરતસિંહ સોલંકી ગોધરા ખાતે આવ્યા હતા. કોંગ્રેસ ઉમેદવારોના પ્રચાર માટે માર્કેટીંગયાર્ડ ખાતે ચુંટણી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરતસિંહ સોલંકી દ્વારા કોંગ્રેસના ઉમેદવારોને જીત આપવા માટે મરામત કરવાની અપીલ કરી હતી. ચુંટણી સભા સ્થળે સ્ટેજ ઉપર ભરતસિંહ સોલંકી ચુંટણી સભા સંબોધી રહ્યાહતા. ત્યારે સ્ટેજ ઉપર બેઠેલ કોંગ્રેસ પાર્ટીના બે ઉમેદવારો ખુરશી સાથે સ્ટેજ ઉપર થી નીચે ગબડી પડ્યા હતા. ચુંટણી સભામાં કોંગ્રેસના ઉમેદવાર પડી જતાં દોડધામ મચી જવા પામી હતી.




### ગોધરા વોર્ડ નં.૫ ના સેવાભાવી અપક્ષ ઉમેદવારને

આપનો કિમતી અને પવિત્ર મત આપી અપાવી વિજયી બનાવશોજી. એક મત આપજો.... એક તક આપજો....

# મયુરકુમાર જશવંતલાલ પટેલ
(પિન્ટુભાઈ)



| અનું. નં. | અપક્ષ ઉમેદવાર | નિશાન | બટન |
|---|---|---|---|
| ૯ | મયુરકુમાર જશવંતલાલ પટેલ (પિન્ટુભાઈ) | | |

ચૂંટણી મતદાન તારીખ : ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ સમય : સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી


## સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ઉમેદવારીની તક નહિ મળતાં બીજેપી માંથી બળવો કરનાર ૨૨ કાર્યકર્તાને સસ્પેન્ડ

**બીજેપીમાંથી બળવો કરી અપક્ષ ચુંટણી લડતા ઉમેદવાર જીતે તો પણ બીજેપી સમર્થન નહી મેળવે : જીલ્લા ભાજપ પ્રમુખનું નિવેદન**

ગોધરા, પંચમહાલ જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં ઉમેદવારીની તક નહી મળતા ભાજપાના ૨૨ જેટલા કાર્યકતા અને ભૂતપૂર્વ હોદ્દેદારો એ અપક્ષ તરીકે તેમજ અન્ય પક્ષમાંથી ઉમેદવારી કરતાં બીજેપી પાર્ટી હાઈકમાન્ડ દ્વારા શિસ્ત ભંગના પગલા ભરી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ઉમેદવારી માટે તક નહી મળતા ભાજપાના ૨૨ જેટલા કાર્યકર્તાઓ અને ભૂતપૂર્વ હોદ્દેદારો એ ભાજપ પક્ષના વિરોધમાં બળવો કરીને અપક્ષ તથા અન્ય પક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે. ભાજપ માંથી સસ્પેન્ડ કરવામાં આવેલ ૨૨ પૈકી ૧૦ ઉપરાંત કાર્યકર્તાઓએ બળવો કરીને નગર પાલિકાની ચુંટણીમાં અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. ગોધરા નગર પાલિકાની ચુંટણીમાં ભાજપના બે ભૂતપૂર્વ પાલિકા પ્રમુખોને ટીકીટ નહીં મળતા અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. ત્યારે આવા બીજેપીના બળવા ખોરો વિરૂદ્ધ ભાજપ હાઈકમાન્ડ દ્વારા શિસ્ત ભંગના પગલા લેવામાં આવ્યા છે અને આવા ૨૨ જેટલા બીજેપી કાર્યકરોને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બીજેપી પક્ષમાંથી ટીકીટ નહિ મળતાં બળવો કરીને અપક્ષમાં ઉમેદવારી કરનાર કાર્યકર્તાઓ જો ચુંટણી જીતી તો પણ ભાજપ તેમનું સમર્થન નહિ મેળવે તેવું નિવેદન પંચમહાલ ભાજપ પ્રમુખ દ્વારા આપવામાં આવ્યું છે.

## ગોધરામાં પાલિકાની ચુંટણીમાં AIMIM પાર્ટીના ઉમેદવારોના પ્રચાર અર્થે અસદઉદ્દીન ઓવૈસીએ ચુંટણી સભા સંબોધી



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, સૌ–પ્રથમવાર ગોધરા નગર પાલિકાની ચુંટણીમાં AIMIM ના ઉમેદવારો ચુંટણી જંગમાં ઉતરેલ છે. ત્યારે ઉમેદવારોના ચુંટણી પ્રચાર અર્થે આવેલા પાર્ટી અધ્યક્ષ અસદઉદ્દીન ઓવૈસીએ મોટી સંખ્યામાં હાજર લોકોને ચુંટણી સભામાં સંબોધતા ઉમેદવારોને જીતાડવા માટે અપીલ કરી હતી.

ગોધરા પાલિકાની ચુંટણીમાં સૌ–પ્રથમવાર AIMIM ની પાર્ટી માંથી ૮ ઉમેદવારો ચુંટણી જંગમાં ઝંપલાવ્યું છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉતારેલા ઉમેદવારોના ચુંટણી પ્રચાર માટે AIMIM ના અધ્યક્ષ અસદઉદ્દીન ઓવૈસી ગોધરા પહોંચ્યા હતા. શહેરના પશ્ચિમ વિસ્તાર વિસ્તાર હોકલા ગ્રાઉન્ડ પાછળ ચુંટણી સભા રાખવામાં આવી હતી. મંગળવારની સાંજે અસદઉદ્દીન ઓવૈસી પ્રચાર અર્થે આવતા મોટી સંખ્યામાં ઉમેદવારોના સમર્થકો હાજર રહ્યા હતા. સવિશેષ મહિલાઓની નોંધ પાત્ર હાજરી જોવા મળી હતી. મતદારોને AIMIM માંથી ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારોને મત આપીને વિજયી બનાવવા આહ્વાન કર્યુ હતું. ભાજપને જાકારો આપીને સ્થાનિક વિકાસ માટે આ પાર્ટી એકમાત્ર વિકલ્પ હોવાનું જણાવીને વિસ્તારના વિકાસ માટે જીતાડવા અપીલ કરતાં લોકોએ તાળીઓથી સમર્થન આપ્યું હતું. ખાસ કરીને ભાજપાના ગઢ ગણાતા ગોધરા પાલિકા વિસ્તારમાં AIMIM ની ઉમેદવારીની એન્ટ્રી મારી છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

ગોધરા ખાતે ચૂંટણી ને લઈને અસદઉદ્દીન ઓવૈસી ની જાહેર સભા હોવાથી તેઓ મોડાસા થી ગોધરા તરફ જવાના હોવાથી શહેરા આરામ ગૃહ પાસે પસાર થતા હાઈવે માર્ગ ઉપર મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજ ના લોકો એકત્રીત થયા હતા અને ગાડી ના કાફલાને થોડી વાર માટે રોકીને અસદઉદ્દીન ઓવૈસીના કાર પર ફૂલો ના હાર રેડીને તેમનું સ્વાગત કર્યુ હતું. જો કે અસદઉદ્દીન ઓવૈસી ને જોવા માટે સ્થળ ઉપર પડાપડી ના દ્રશ્યો સર્જાયા હતા. સાથે હાઈવે માર્ગ ઉપર લોકો એકત્રીત થતા થોડીવાર માટે ટ્રાફિક જામ થતા વાહનોની લાંબી લાઈન લાગી હતી. પોલીસ દ્વારા લોકોને દૂર કર્યા હતાં.